છેલ્લા દશ વર્ષમાં મેળવેલ સિધ્ધિઓ અને વિઝન અંગે વિભાગો દ્વારા ટૂંકમાં પ્રેઝન્ટેશન રજુ કરાશે

ગાંધીનગર, તા.૩૦

વિભાગો દ્વારા છેલ્લા દસ વર્ષમાં મેળવેલ સિધ્ધીઓ અને આગામી પાંચ વર્ષ દરમિયાન શું વિઝન નક્કી કરવામાં આવ્યું છે એ અંગેના પ્રેઝન્ટેશનો વિભાગો દ્વારા આગામી સપ્તાહે મુખ્યમંત્રી સમક્ષ રજુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી લોકસભા ચૂંટણી આગામી વર્ષ ૨૦૧૪માં યોજાનાર છે. આ ચૂંટણીઓ માટે તમામ રાજકીય પક્ષો દ્વારા તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે.

ગુજરાતમાં પણ ભાજપ દ્વારા ચૂંટણી તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે. ગુજરાતમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર સત્તા સ્થાને છે ત્યારે ભાજપની રાજય સરકારના શાસન દરમિયાન ગુજરાતમાં હાથ ધરવામાં આવેલ વિકાસ કામો અને મેળવેલ સિધ્ધિઓ તેમજ રાજયનો સાધવામાં આવેલ વિકાસના મુદ્દાઓને લઈને ભાજપે પ્રજા સમક્ષ જવા માટેની રણનીતી અપનાવી છે.

જેના ભાગરૂપે તાજેતરમાં જ સરકારમાં એક ઉચ્ચ કક્ષાની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં તમામ વિભાગોને છેલ્લા દાયકામાં વિભાગો દ્વારા કેવી કેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલી કઈ કઈ પ્રકારની સિધ્ધિઓ હાંસલ કરવામાં આવી હાથ ધરાયેલી કામગીરીમાં કઈ પ્રકારની મુશ્કેલીઓ અનુભવાઈ અને આગામી પાંચ વર્ષ દરમિયાન કઈ પ્રકારના વિકાસ માટેનું શું વિઝન છે એ તમામ બાબતોને સાંકળી લેતુ પ્રેઝન્ટેશન તૈયાર કરીને મુખ્યમંત્રી સમક્ષ રજુ કરવા માટેની સૂચનાઓ વિભાગોને આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિભાગોને આ પ્રેઝન્ટેશનમાં વિઝનને સિધ્ધ કરવા માટે લેવાપાત્ર ઈનોવેટીવ પગલા તેમજ આ વિઝનને સિધ્ધ કરવા માટે કયા કયા કરકસરના પગલા લઈ શકાય તે બાબતોનો પણ સમાવેશ કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

આ ઉપરાંત વિભાગોને આ પ્રેઝન્ટેશન મહત્મ ૧૫ સ્લાઈડમાં અને ૬૦ મિનીટથી મહત્તમ ૭૫ મિનિટમાં પૂર્ણ થાય તે રીતે તૈયાર કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે. પ્રાપ્ત વિગતો મુજબ મોટા ભાગના વિભાગો દ્વારા પ્રેઝન્ટેશન તૈયાર કરી દેવામાં આવ્યા છે અને આગામી ટૂંક સમયમાં મુખ્યમંત્રી સમક્ષ રજુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

શ્રાવણ માસના પવિત્ર તહેવાર એવા જન્માષ્ટમીએ પૂજન ડાન્સ ક્લાસીસ અને ગાયત્રી પરિવારના સંયુક્ત ઉપક્રમે ગાયત્રી મંદિરમાં નાના નાના ભૂલકાઓ, બાળ કાનુડા, રાધા દ્વારા નૃત્યનાટિકા અને મટકી ફોડનો અનેરો કાર્યક્રમ ભાવમય ઉજવાઈ ગયો. આ પ્રસંગે જશુબેન ઠક્કર, પ્રજ્ઞાબેન ગજ્જર, રૂપેશભાઈ ગજ્જર, ઠાકોરભાઈ ગજ્જર ખાસ હાજર રહ્યા હતા અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

રાજસ્થાનના પશુમેળામાંથી કસાઈ વાડે જતા ૪૩૦ પશુ બચાવાયા

સલાલ, તા.૩૦

તાજેતરમાં રાસ્થાનના પરબતસરમાં ભરાયેલ પશુમેળામાંથી અંદાજીત ૪૩૦ જેટલા ગૌવંશ પશુને બચાવી લઈ રયામઘન ગૌ સેવા સંસ્થાનને સોંપવામાં આવ્યા હતા.

શ્રાવણ માસમાં રાજસ્થાનની પરંપરા પ્રમાણે પશુમેળાનું આયોજન કરવામાં આવતું હોય છે. આ પશુમેળામાં મોટા ભાગે પશુધનના તસ્કરો, પશુઓને લાવી કસાઈઓને બારોબાર વેચી મારવામાં આવતા હોય છે તેમજ બારોબાર દલાલ મારફતે કલતખાને પણ મોકલી આપવામાં આવતા હોય છે. આ સમગ્ર કૃત્યને રોકવા જીવના જોખમે ગૌ રક્ષકો કામ કરતા હોય છે. રાજસ્થાનના પશુમેળામાં બાતમીના આધારે અખીલ ભારતીય ગૌ સંવર્ધન ટ્રસ્ટના ઉપાધ્યક્ષ અને વર્ધમાન સંસ્કાર ધામ સંસ્થાના પ્રતિનિધિ સાંકાભાઈ દેસાઈ સાથે ગૌરક્ષક પ્રવિણ સોની, દિપક બિસ્નોઈ, બહાદુર જાટ, ગજેન્દ્રસિંહ સોલંકી તેમજ સ્થાનિક ગ્રામજનોના સહયોગથી ૪૩૦ જેટલા ગૌવંશને બચાવી લઈ જીવદયાનું ઉત્તમ કાર્ય કર્યું હતું.

ખેડબ્રહ્મા અને ગઢડા શામળાજીમાં ધામધૂમથી કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો

હજારો ભક્તોએ ભગવાનનાં દર્શન કરી પારણુ ઝુલાવી ધન્યતા અનુભવી

ખેડબ્રહ્મા, તા. ૩૦

ખેડબ્રહ્માના રાધાકૃષ્ણ મંદિર તથા ગઢડા શામળાજી ખાતે આવેલ શામળીયા ભગવાનના મંદિરે જન્માષ્ટમી મહોત્સવની ધામધુમ અને શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં હજારોની સંખ્યામાં ભક્તોએ ભગવાનના દર્શન કરી તથા લાલજી ભગવાનનું પારણું જુલાવી ધન્યતા અનુભવી હતી. બન્ને મંદિરો મંદિરમાં કોણ છે રાજા રણછોડ છે અને હાથી ઘોડા પાલખી જય કનૈયા લાલ કી ના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

ખેડબ્રહ્મા તાલુકાના ગઢડા શામળાજી ગામમાં આવેલા શામળીયા ભગવાનના મંદિરે જન્માષ્ટમી નિમિત્તે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગઢડા શામળાજી મંદિર ટ્રસ્ટ ઉત્સવ સમિતિ આર્યન કલબ તથા યુવક મંડળ દ્વારા ભજન-રાસ ગરબા તથા મટકી ફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ ંહતું. ગઢડા શામળાજીમાં પરંપરા ગત મેળામાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા અને ભગવાન શામળીયાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

તદ્ ઉપરાંત ખેડબ્રહ્મા ઠાકોર મંદિર ટર્સટ સંચાલિત રાધાકૃષ્ણ મંદિરમાં જન્માષ્ટમી નિમિત્તે ભગવાનની મહાપુજા અભિષેક ભજન કિર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું. ભગવાનની મહાપૂજાનો ધર્મલાભ કનુભાઈ પુંજાભાઈ પટેલે લીધો હતો. પેટલાક તાલુકાના નાર ગામના ગણેશ ભજન મંડળનો વેશભૂષા સહિતના ભજન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. ભજનના આ વિશેષ વેશભૂષા સહીતના કાર્યક્રમને ભક્તોએ રસપૂર્વક માણ્યો હતો. જન્માષ્ટમી નિમિત્તે ભગવાનની આરતી-પારણુ ઝુલાવવા - છડી તથા છમ્મરના ચડાવામાં ભક્તોએ શ્રદ્ધાપૂર્વક ભાગ લીધો હતો. આરતીનો ચઢાવો લકુભાઈ બી. અટારા તથા પારણાનો ચડાવો બિન્દુકુમાર પોપટલાલ પટેલે ધર્મલાભ લીધો હતો. આગામી જન્માષ્ટમીના રોજ ભગવાનની ધજા ચડાવવાનો ચડાવો રૂ. ૨૧૦૦૧ માં પટેલ અમૃતભાઈ મણીભાઈએ ધર્મલાભ લીધો હતો. કૃષ્ણ જન્મોત્સવ જય કનૈયા લાલ કી ના નાદથી ગુંજી ઉઠ્યુ હતું.

શબ્દાવલી - ૫૧૬૨

૧		૨	૩	■	૪	૫	૬
	■	૭		૮	■	૯	
	■	૧૦			૧૧	■	
■	૧૨	■	■	૧૩		૧૪	■
૧૫		૧૬		■	૧૭		■
■	૧૮		■	૧૯			■
૨૦	■	■	૨૧		■	■	૨૨
૨૩			■	૨૪			

આડી ચાવી

૧. પથ્થર પર લખાયેલ લેખ (૪)
૪. બહેન દ્વારા ભાઈને કાંડે બંધાય (૩)
૭. લાંબી ડોકવાળું ચોપગું પ્રાણી (૩)
૯. શરીર (૨)
૧૦. પુષ્કળ, અઢળક (૪)
૧૩. કલેશ, કંકાશ (૩)
૧૫. શહીદ થવું તે, શાહેદી (૪)
૧૭. અવાજ (૨)
૧૮. જમ (૨)
૧૯. વાયરો, હવા (૩)
૨૧. ઉત્સવ, પ્રસંગ (૨)
૨૩. નોકર-ચાકર (૩)
૨૪. ડર ભીતી, ત્રાસ (૪)

ઊભી ચાવી

૧. લાજ, ઈજ્જત (૩)
૨. કસરત કરવાનું એક સાધન (૩)
૩. ગંદુ, બગડેલું (૩)
૫. કાપડ પર સફેદ પદાર્થથી થતી ડિઝાઈન (૨)
૬. ધંધાની ડીલ કરનાર વ્યક્તિ (૩)
૮. આકાશ, સ્વર્ગ (૩)
૧૧. કલશોર, બાળકોનો મૃદુ અવાજ (૪)
૧૨. મદદ (૩)
૧૪. યજ્ઞ (૩)
૧૬. શ્વાસનો રોગ (૨)
૧૯. પહાડ, શિખર (૩)
૨૦. ચોટલી (૨)
૨૨. એક વાનગી (૨)

શબ્દાવલી ૫૧૬૧ના જવાબ

આડી ચાવી :- (૧) શિરસ્તો (૩) તબદીલી (૭) બારદાન (૮) પાજી (૧૦) શાહી (૧૧) વજીફો (૧૪) ઐતિહાસિક (૧૬) વિષાદ (૧૮) ડીલર (૧૯) મજાલ (૨૦) દફન (૨૨) લાભ

ઊભી ચાવી :- (૧) શિરપાવ (૨) સ્તોત્ર (૩) તબાહી (૪) બર (૫) દીદાર (૬) લીન (૯) જીજીવિષા (૧૨) કુહાડી (૧૩) સીકર (૧૫) સિલસિલો (૧૬) વિવાદ (૧૭) દમન (૨૦) લજ્જા

આજે સિનિયર સિટીઝન્સ કાઉન્સિલની બેઠક મળશે

ગાંધીનગર, તા.૩૦

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગરની માસિક સભા આજે તા.૩૧મી ઓગષ્ટ ૨૦૧૩ને શનિવારે સાંજે ૫ કલાકે સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી, સેકટર-૭-ડી, ગાંધીનગર ખાતે મળશે. સભામાં ઉત્તરાખંડ હોનારત સંદર્ભે વિશ્વગ્રામ સંસ્થાવતી તેના નિયામક સંજય-તુલાએ પુનઃ નિર્માણનું જે કાર્ય વિચાર્યું છે તે અંગે સર્વે સભ્યોને જાણકારી આપવામાં આવશે. આ પ્રસંગે સૌ સભ્યોને ઉપસ્થિત રહેવા મંત્રી મહેન્દ્રભાઈ શાહે જણાવ્યું છે.

નિઃશુલ્ક યોગ ધ્યાન શિબિર

ગાંધીનગર, તા. ૩૦

શ્રી દિવ્ય જીવન સંઘ, ગાંધીનગર શાખા અને શ્રી ગાયત્રી શક્તિપીઠ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક યોગ ધ્યાન શિબિર ૧લી સપ્ટેમ્બરથી ૧૦મી સપ્ટેમ્બર ૨૦૧૩ સુધી ગાયત્રી શક્તિપીઠ સેક્ટર-૧ના સભાખંડમાં યોજાશે. યોગ ધ્યાન શિબિર દરરોજ સવારે ૭ થી ૮.૧૫ સુધી યોજાશે. શિબિરમાં યોગ-ધ્યાન, પ્રાણાયમ દ્વારા માનસિક તણાવ નિયંત્રણ, સાચુ શ્વસન, વિવિધ બિમારીઓના ઈલાજરૂપ વગેરે વિષયોનું પ્રશિક્ષણ આપવામાં આવશે.

બોટાદના અભિવાદન કાર્યક્રમ માટેની તૈયારી

અમદાવાદ, તા.૩૦

ભાવનગર જિલ્લાના બોટાદ તાલુકો નવા રૂપરંગ સજી જિલ્લો બનતા તેનો અભિવાદન કાર્યક્રમ તા. ૨જી સપ્ટેમ્બર રોજ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાનાર છે. આ કાર્યક્રમમાં બહુધા જનસમાજ ભાગ લઈ હર્ષોઉલ્લાસપૂર્વક અભિવાદન કરી શકે તે માટે બોટાદ જિલ્લા પ્રશાસન અને ભાવનગર જિલ્લા પ્રશાસન દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

પૂર્વ કુલપતિએ વસાવેલી ૮૫ હજારની ખુરશી ધુળ ખાય છે

કાર્યકારી કુલપતિ તરીકે જવાબદારી સંભાળી રહેલા મુકુલ શાહ અત્યારે સાદી ખુરશી ઉપર બેસી વહીવટ ચલાવે છે

અમદાવાદ, તા.૩૦

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ આદેશપાલે રૂપિયા ૮૫ હજારના ખર્ચે રિવોલ્વિંગ ખુરશી બનાવડાવી હતી. આદેશપાલ આજ ખુરશી ઉપર બેસીને કુલપતિ તરીકેના નિર્ણય કરતા હતા. જો કે આ ખુરશી ઉપર બેસ્યાના છ મહીનામાં જ કુલપતિ પદે તેમના કાર્યકાળ અકાળે પૂર્ણ થઈ ગયો જેના કારણે અત્યારે કાર્યકારી કુલપતિ તરીકેની જવાબદારી નિભાવી રહેલા મુકુલ શાહ અત્યારે આ ખુરશી ઉપર બેસતા ડરે છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ આદેશપાલે પોતાના વૈભવી શોખોના કારણે વિવાદમાં રહ્યા હતા. આ શોખોને પુરા કરવા તેમણે યુનિવર્સિટીના ખર્ચે કુલપતિનાં બંગલે સ્વિમીંગપુલ, ટેનિસ કોર્ટ બંધાવ્યા હતા. જ્યારે કુલપતિની ઓફીસમાં જાળીયો નંખાવી હતી. આવી જ રીતે તેમણે કુલપતિની ઓફીસમાં રૂપિયા ૮૫ હજારના ખર્ચે રિવોલ્વિંગ ખુરશી બનાવડાવી હતી. આજ ખુરશી ઉપર બેસીને તેઓ પોતાના મનમાન્ય નિરણયો કરતા હતા. જો કે આ ખુરશી ઉપર બેસ્યા બાદ તેમનો કાર્યકાળનો માત્ર છ મહીનામાં અકાળે અંત આવી ગયો હતો જેને લઈ વર્તમાન કાર્યકારી કુલપતિ મુકુલ શાહ અત્યારે આ ખુરશી ઉપર બેસતા ડરી રહ્યા છે આને અંધશ્રધ્ધા કહો કે માન્યતા પરંતુ સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ હાલમાં મુકુલ શાહએ સાદી ખુરશી ઉપર બેસીને યુનિવર્સિટીનો વહીવટ ચલાવી રહ્યા છે. અને રૂપિયા ૮૫ હજારના ખર્ચે બનાવડાવેલ રિવોલ્વિંગ ખુરશીને એક રૂમમાં મુકી દીધી છે જ્યાં તે ખુરશી અત્યારે ધઉળ ખાઈ રહી છે. મુકુલ શાહ રાજકારણ સાથે જોડાયેલ છે તેથી તેઓ પોતાની ટીમને સાથે રાખવામાં માહેર છે તેથી તેઓ આરામદાયક ખુરશી છોડીને સાદી ખુરશી ઉપર બેસતા હોવાનું તેમના નજીકના વર્તુળો ગણી રહ્યા છે. પૂર્વ કુલપતિ આદેશપાલની જેમ તેમને પણ અકાળે રાજીનામું ન આપવું પડે તે માટે તેઓ આ ખુરશી ઉપર બેસતા ડરે છે.

વુડાના ભૂતપૂર્વ ચેરમેન કૃષ્ણકાંત શાહનું નિધન

વડોદરા,તા. ૩૦

વડાદરો અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી (વુડા)ના ભૂતપૂર્વ ચેરમેન અને ભાજપ નેતા કૃષ્ણકાંત શાહનું અવસાન થયુ છે. હાર્ટએટેકના કારણે તેમનું અવસાન થયુ હોવાનું જાણવા મળ્યુ છે જ્યારે માધવનગર પોશાય તેવા આવાસો બનાવવામાં આવ્યા હતા ત્યારે કૃષ્ણકાંત શાહ વુડાના ચેરમેન હતા. આ સપ્તાહમાં જ આ ઈમારતો પૈકીની બે ધરાશાયી થઈ ગઈ હતી જેમાં ૧૧ લોકોના મોત થયા હતા. ગઈકાલે માંજલપુર પોલીસે ધરાશાયી થયેલી બે ઈમારતોના કન્સ્ટ્રક્શનના સંબંધમાં સંકળાયેલા કોન્ટ્રાકટરો અને એન્જિનિયરો સામે કેસ દાખલ કરવામાં આવી ચુક્યો છે. આજે કૃષ્ણકાંત શાહને હાર્ટએટેકના કારણે આવસાન થયુ હતુ. મુખ્યમંત્રી નરેન્દ્રમોદીએ શાહના અવસાન અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી છે. સોશિયલ નેટવર્કીંગ સાઈટ ટ્વિટર પર મોદીએ કહ્યુ છે કે કૃષ્ણકાંતભાઈ શાહના અવસાનથી તેમને દુઃખ થયુ છે. વડોદરામાંથી કૃષ્ણકાંતભાઈ શાહ અમારા સિનિયર કાર્યકર હતા. મોદીએ તેમને શ્રદ્ધાંજલિ આપી છે.

વડોદરામાં અટલાદરા વિસ્તારમાં માધવનગરમાં વુડાની એક ઈમારત એકાએક ધરાશાયી થઈ ગયા બાદ કૃષ્ણકાંત ભાઈ વિવાદના ઘેરામાં આવ્યા હતા અને તેમના પર પ્રશ્નોનો મારો ચલાવવામાં આવ્યો હતો. યા બનાવમાં ૧૧ લોકોના મોત થયા હતા. વડોદરાના માધવનગરમાં વુડાએ ગરીબો માટેના ૩૩ ઈમારતોનું બાંધકામ કર્યું છે. આ દરેક ઈમારતમાં ૧૪ ફ્લેટ છે. હાલમાં ઈમારત નંબર ૧૧ એકાએક જમીનદોસ્ત થઈ ગઈ હતી. આ દુર્ઘટના બાદ બાજુની ઈમારત નંબર ૧૧માં રહેતા રહેવાસીઓ ઉંઘમાંથી ઉઠીને ઘરની બહાર દોડી આવ્યા હતા અને થોડી જ ક્ષણોમાં ઈમારત નંબર ૧૧ પણ ધરાશાયી થતાં ઉંઘમાં જ લોકો ઈમારત હેઠળ દટાઈ ગયા હતા. જેમાં ૧૧ના મોત નીપજ્યા હતા. આ મામલામાં તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો. ગઈકાલે જ માંજલપુર પોલીસે એન્જિનિયરો અને કોન્ટ્રાકટરો સામે કેસ દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી હતી.

જીરૂ-વરીયાળી પર વેટ દૂર કરવાનો નિર્ણય ચૂંટણીલક્ષી

અમદાવાદ, તા.૩૦

જીરૂ તથા વરીયાળી પર લેવામાં આવતા પાંચ ટકા વેરા ન લેવા માટે જે તે સમયે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો સહિત વિધાનસભામાં રજુઆત કરી હતી ઉદ્યોગપતિઓ માટે કરોડો રૂપિયાની રાહત, વેરા માફી અને ખેડૂતો પાસેથી વધુ વેરા વસુલાતની માનસિકતા ધરાવતી ભાજપ સરકારે સાચી વાત પણ સ્વીકારી ન હતી. હવે લોકસભાની ચૂંટણી નજીક આવતા ખેડૂતો યાદ આવ્યા હોય તેમ જણાય છે. વાસ્તવિકતા તો એ છે કે જીરૂ તથા વરીયાળી પર તમામનો વિરોધ હોવા છતાં પાંચ ટકા વેપાર ઠોકી બેસાડવામાં આવ્યો છે. ધારાસભ્ય રાઘવજી પટેલ અને પરેશ ધાનાણીએ ભાજપ સરકારની ખેડૂત વિરોધી માનસિકતા આકરી ઝાટકણી કાઢતા જણાવ્યું હતું કે ગુજરાતના મંત્રીએ જાહેરાત કરી કે જીરૂ તથા વરીયાળી પર વેટ નાબૂદ થવાની ખેડૂતોને ફાયદો થશે સાચા અર્થમાં ભાજપ સરકારને ખેડૂતોનું હીત હૈયે હોય તો ગુજરાતમાંથી રાસાયણિક ખાતર પર લેવાતો વેટ તાકીદે નાબૂદ કરવામાં આવે છે.

ગુજરાત એક માત્ર રાજ્ય એવું છે કે, જ્યાં ખાતર પર વેટ વસૂલાય છે. ગુજરાતની ભાજપ સરકાર પેટ્રોલ-ડિઝલ પર વેરો ઘટાડે તે આવકાર્ય છે. ગુજરાત દેશમાં એક એવું રાજ્ય છે જ્યાં સૌથી વધુ પેટ્રોલ-ડિઝલ પર વસુલાય છે. ગુજરાતમાં છેલ્લા દશ વર્ષમાં ૭ હજાર કરતા વધુ ખેડૂતોએ આત્મહત્યા કરવી પડી છે. ગુજરાતમાં ખેડૂતોને અતિ મોંઘી વિજળી આપવામાં આવે છે. ગુજરાતમાં ખેડૂતોને તેમની ખેત પેદાશના યોગ્ય વળતર પણ આપવામાં આવતું નથી. ગુજરાત સરકાર ખેડૂતો પાસેથી બિયારણમાં આધુનિકતા નામે ઉંચા ભાવ વસુલે છે. ગુજરાતના ખેડૂતો પાસેથી ફળદ્રુપ જમીનો સરકાર ઉદ્યોગોને ભેટ ધરવા પાણીના ભાવે માટે પડાવે છે. સર અને સેઝના નામે અનેક ખેડૂતોને બેહાલ કર્યા છે. ભાજપ સરકારને ખરેખર ખેડૂતોનું હિત હૈયે હોય તો ખેતી મટે ૧૬ કલાક વિજળી, સિંચાઈનું પાણી અને વેટ વિના ખાતર ઉપલબ્ધ કરાવે.

અમદાવાદ હાટ ખાતે કચ્છી હસ્તકલાનું લાઈવ ડેમોસ્ટ્રેશનનું અનોખુ આકર્ષણ

કુટીર અને ગ્રામોદ્યોગ આયોગના ઈન્ડેક્ષ્ટ-સી દ્વારા અમદાવાદ હાટ ખાતે કચ્છી હસ્તકલાનું પ્રદર્શન યોજવામાં આવેલ છે. આ પ્રદર્શનનું શુભ ઉદ્‌ઘાટન ઈન્ડેક્ષ્ટ-સીના કાર્યવાહક નિયામક સી.જે. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં જરદોશી, બ્લોકપ્રિન્ટ, મઢ મીર વર્ક, પેપર મિશી, બાંધણીકામના અને રોગાન આર્ટના ઉત્તમ નમૂના સાથે અમદાવાદ હાટ ખાતે કચ્છી કલાકારોની હસ્તકલાઓના પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં કચ્છથી આવેલા પચાસ જેટલા કારીગરો બાંધણી, ભરતકામ, મોતીકામ વગેરે લઈને આવ્યા છે.

આ પ્રદર્શનની ખાસ વિશેષતા એ છે કે કચ્છી નેશનલ અને સ્ટેટ એવોર્ડ વિનર કલાકારો પોતાની આર્ટના લાઈવ ડેમોસ્ટ્રેશન દ્વારા પોતાની કલા મુલાકાતીઓને બતાવે છે. આ પ્રદર્શનમાં કચ્છી કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવેલાં જરદોશી અને બાંધણીકામના સુંદર નમૂના લોકોના મન મોહી રહ્યા છે. આ પ્રદર્શનમાં ભુજવડીના હાથવણાટની સાલ, મફલર, સાડી, સ્ટોલર જેવી વસ્તુઓ લઈને આવ્યા છે. જ્યારે હાથભરત માટે એવોર્ડ વિનર વિરાબેન બેડ કવર, બેન્ડ, બોર્ડર, કચ્છી કનજારી, પર્સ, હેન્ડબેગ જેવી અનેક વસ્તુઓ લઈને આવ્યા છે. જ્યારે કચ્છની જાણીતી ઊનની ગૂંથેલી સાલ, ધાબળા, ગાલીચા લઈને બાબુબાઈ કન્ડેરાઈ આવ્યા છે. આ સાલની ખાસયિત છે કે ગમે તેવી ઠંડીમાં તે સાલ ગરમાવો આપે છે. કચ્છી માટી કામના કારીગર ઈબ્રાહિમ માટીના સુંદર વાસણો લાવ્યા છે. આ વાસણ પર કરેલી કલરફૂલ ડિઝાઈન માટે તેઓ જાણીતા છે. આ કલરને તેઓ માટી અને પથ્થરમાંથી તૈયાર કરે છે.

નવતર પ્રચાર અભિયાન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સરગાસણ તેમજ નવા સેક્ટરોમાંથી ચિકનગુનિયાના કેસો છુટા છવાયા મળી રહ્યા છે. તંત્ર પણ આડકતરો એકરાર કરે છે જો કે મોટાભાગના દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

સિવિલમાં પણ ક્લીનીકલી ડાયોગનોલિસ કરી સારવાર શરૂ કરાઈ છે. આ ઉપરાંત ફીવર ઓ.પી.ડી.માં પણ આવા કેસો મળી રહ્યાનું તબીબોએ કહ્યું હતું.

દરમ્યાન તંત્રએ એવો દાવો કર્યો છે કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. છુટા છવાયા કેસો જોવા મળ્યા છે. સે. ૭માં એન્ટી લારવેલની કામગીરીને સઘન બનાવવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લા કલેક્ટરશ્રીએ પણ ખાલી આવાસોમાં સફાઈ સહિતની એન્ટી લારવેલની કામગીરીમાં ગતિ લાવવા માટેની સૂચનાઓ જારી કરી છે.

આજે આરોગ્ય તંત્રએ ગ્રામ્ય વિસ્તારમાં અને ખાસ કરીને નવા સેક્ટરોમાં મચ્છરોના ઉત્પત્તિ સ્થાનો અંગેની સમજ આપતી પત્રિકાઓ તેમજ સ્વચ્છતા અને પાણીના નિકાલને લઈ કામગીરી કેવી રીતે કરવી તેવા પ્રચાર સાથેની રીક્ષાઓ ફેરવી હતી.

ગાંધીનગર શહેરમાં વધતા જતા કેસોને ધ્યાને રાખી હવે તંત્રએ આ પરિસ્થિતિને હળવી બનાવવા માટે ખાસ જનજાગત્તિ અભિયાન હાથ ધર્યું છે એટલુ જ નહિ જાહેર સ્થળોએ હોર્ડિંગ્સ પણ મુકવાનો નિર્ણય કર્યો છે.

ઘરમાં મચ્છરોના ઉત્પત્તિ સ્થાનો ક્યા હોઈ શકે તેની સમજ આપતી પત્રિકાઓનું પણ વિતરણ થઈ રહ્યું છે.

આજે વાસણિયા મહાદેવ ખાતે શિવકથામાં શિવવિવાહ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર વૈજનાથ ધામ વાસણીયા મહાદેવ ખાતે પૂ. ભારતી બાપુની વ્યાસપીઠે શિવકથાનું આયોજન કરવામાં આવ્યું છે. શિવકથાના આઠમા દિવસે એટલે કે તા. ૩૧ ઑગસ્ટના રોજ બપોરે ૨.૩૦ કલાકે શિવકથામાં આવતા શિવવિવાહના પ્રસંગે જીવંત બનાવતાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ભાવિક ભક્તોને આ પ્રસંગે હાજર રહેવા જણાવવામાં આવ્યું છે.

બાલા હનુમાનજી મંદિરે બરફના શિવલંગ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરના સેક્ટર-૨માં આવેલા બાલા હનુમાનજી મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ બીજી સપ્ટેમ્બર-૨૦૧૩ને સોમવારના દિવસે સવારે ૯ વાગ્યાથી બરફના શિવલિંગ, ફળફળાદીના શિવલિંગ તૈયાર કરવામાં આવશે. શ્રાવણ માસના છેલ્લા સોમવારે ભક્તજનો દર્શનનો લ્હાવો લઈ શકશે.

શ્રાવણ માસના છેલ્લા સોમવારે સવારે ૯ વાગ્યાથી બરફના શિવલિંગ, ફળફળાદીના શિવલિંગ તથા બપોરે ૩ વાગ્યાથી સત્યનારાયણ ભગવાનની કથા અને રાત્રે ૭.૩૦ કલાકે મહાઆરતી યોજાશે. જેનો સર્વે ભક્તોને લાભ લેવા બાલા હનુમાનજી મંદિર તરફથી આમંત્રણ પાઠવવામાં આવે છે.

વાલરણ નવાના ચાર રસ્તા પર અકસ્માતમાં એક પરિવારના ત્રણ ઘાયલ

ખેડબ્રહ્મા, તા. ૩૦

ખેડબ્રહ્મા તાલુકાના વાલરણ રોડ પર મંગળવાર બપોરે બાઈક અને ટેમ્પા વચ્ચે અકસ્માત થતા ત્રણ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થવા પામી હતી. મંગળવારે બપોરના ૩ કલાકે ખેડબ્રહ્મા તરફથી પોતાની બાઈક પર મહાદ (રાજસ્થાન) પરત જઈ રહ્યા હતા. ત્યારે કોઈ અજાણ્યા ટેમ્પોએ ટક્કર મારતા ત્રણ વ્યક્તિઓને ગંભીર પ્રકારની ઈજાઓ થવા પામી હતી. ઘાયલ ત્રણેય યુવકને ૧૦૮ મારફતે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં બે શખ્સો શૈલેષભાઈ રામભાઈ પારધી ઉં.વ. ૩૦ અને અનિલભાઈ દિનેશભાઈ પારધી ઉં.વ. ૪ ને વધુ ઈજાઓ જણાતા હિંમતનગર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

કૃષિ વિષયક પ્રદર્શન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને વૈજ્ઞાનિકો સાથે વિશિષ્ટ ગોષ્ઠીનું પણ આયોજન સેમિનાર ઉપરાંત કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય સ્તરનું આ પ્રદર્શન હોવાથી અન્ય રાજ્યોના સ્ટોલ પણ આ પ્રદર્શનમાં હશે. આ માટે રાજ્ય સરકારને ઘણા રાજ્યોમાંથી પ્રતિસાદ સાંપડ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ભારત સરકારના કૃષિ મંત્રાલય દ્વારા પણ સ્ટોલ્સ ઉભા કરવામાં આવે તેવી શક્યતાઓ છે. જેમાં કેન્દ્ર સરકારે કૃષિ ઉત્પાદન વૃદ્ધિ અંગે અમલી બનાવેલ યોજનાઓની વિસ્તૃત વિગતો પ્રદર્શીત કરવામાં આવનાર છે. હાલ તો તંત્ર દ્વારા આ પ્રદર્શન માટેનો આખરી ઓપ આપવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. પ્રદર્શન માટે ખાસ હેલ્પ ડેસ્ક પણ બનાવવામાં આવનાર હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

જાહેર નિવિદા નં. ૩ સને ૨૦૧૩-૧૪

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ગુજરાત હાઈકોર્ટ (મા x મ) પેટા વિભાગ નં. ૨, ગુજરાત હાઈકોર્ટ સંકુલ, સોલા, અમદાવાદ - ૩૮૦૦૬૦ (ફોન નં. ૦૭૯-૨૭૬૬૧૨૮૯)ની કચેરીએથી સીલબંધ ટેન્ડર કુલ અંદાજીત કિંમત રૂ. ૨.૨૦ લાખના કુલ એક કામ માટે માર્ગ અને મકાન વિભાગની યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવનાર માન્ય ઈજારદારો પાસેથી સીલબંધ ટેન્ડર મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડરો કચેરીના કામકાજના સમય દરમિયાન ૧૬.૦૦ કલાક સુધી આપવાની છેલ્લી તારીખ ૩/૯/૨૦૧૩ના રોજ ૧૬.૦૦ કલાકે રહેશે. શક્ય હશે તો ભરાઈને પરત મળેલ ટેન્ડરો તા. ૧૧/૯/૨૦૧૩ના રોજ ૧૨.૦૦ કલાકે હાજર રહેલ ઈજારદારશ્રીઓની હાજરીમાં ખોલવામાં આવશે.

વિગતવાર માહિતી અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર રજા દિવસો સિવાય કચેરી સમય દરમિયાન રૂબરૂમાં સંપર્ક કરવાની જોવા મળશે.

ક્રમાંક/સંમાનિ/અમદ/૮૯૮/૨૦૧૩